EDII

**Sandesh**

**04 December, 2021**
**Page No.01**
**Of Citylife**

# EDIIએ દિવ્યાંગજનો માટે રમતગમત સ્પર્ધા અને સન્માન સમારોહનું આયોજન કરાયું

**સિટી લાઈફ** ▸▸ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ખાતે શુક્રવારે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.ગુજરાત સરકારના સમાજ સુરક્ષા ખાતા અને ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમના ઉપક્રમે યોજયેલા આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવનાર દિવ્યાંગજનોનું સન્માન કરીને ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. નવા સંશોધન ક્ષેત્રમાં સમીર કક્કડને ઉભરતા ઉદ્યોગસાહસિક તરીકે જગદીશ પટેલને તથા દિવ્યાંગ મહિલા ઉદ્યોગસાહસિકની શાખામાં હર્ષિદાબેન પ્રજાપતિને ઈડીઆઈઆઈ સંસ્થા તરફથી ટ્રોફી અને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો.આ સાથે દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર સાથે મળીને કપસ ખાતે વિવિધ રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૬૪ જેટલા દિવ્યાંગ પ્રતિસ્પર્ધીઓએ કેરમ, ચેસ, બેડમિન્ટન અને ટેબલ ટેનિસ જેવી રમતો રમી હતી. જેનું ઉદ્ઘાટન રાજ્યના પેરાઓલિમ્પિયન બેડમિન્ટન ખેલાડી પારુલ પરમારના હસ્તે થયું હતું.

